॥ श्री विश्वनाथो विज

॥ श्री ॥

॥ सत्यनारायणनी

गुजराती भाषामां वृत्त

लखनार,

॥ कवि दयाशङ्कर रविर

॥ प्रथमावृत्ति ॥

અમદાવાદ

આર્યોદય પ્રિંટિંગ પ્રેસમાં છા

किंमत सवा आनो.

॥ श्री विश्वनाथो विजयते तराम् ॥

॥ श्री सत्यनारायण

गुजराती भाषामां ॥

लखनार,

॥ कवि दयाशङ्कर रविः

सरसापि कवेर्वाणी हरिनामाङ्कितायदि ।
सादरं गृह्यते तज्ज्ञैः शुक्तिर्मुक्तान्वितायथा

॥ प्रथमावृत्ति ॥

विक्रमार्क

१९५७.

અમદાવાદ

આર્યોદય પ્રિંટિંગ પ્રેસમાં છાપી.

किंमत सवा आनो.

॥ श्री ॥

॥ अर्पणपात्रिका ॥

અમદાવાદના
ભક્તરાજ શ્રી દલસુખરામના ચિરંજીવી બાબૂ
શ્રી કેશવલાલજીને આ કથા અર્પણ
કરી છે તે વિષે.

છંદ હરિગીત.

દાતારના સરદાર પારાવાર પર ઉપકારના,
ગભીર ગુણ ભડાર ગ્રાહક નિત્ય ઉચ્ચ વિચારના,
નિજ નાતના નાયક સબળ સાંયક સદા કગાલના,
કહુ તર્ક કરિ ગુણ કેટલા કુળદીપ કેશવલાલના. ૧
બાબૂ ધરાવી નામ દુખ નાબૂદ કઇ જનનાં કરી,
કાબ ન રાખી કીર્તિ તે આબૂ લગી ગઇ વિસ્તરી;
તાબૂત શા જનવાત શુણિ હાબૂ કરે મન હાલના,
કહુ તર્ક કરિ ગુણ કેટલા કુળદીપ કેશવલાલના. ૨
કેશવતણે જે કાળજે રહિ ચચળા ન કહ્યુ કરે,
તે ચંચળા કેશવતણું સઘળું કહ્યું શિરપર ધરે,
લક્ષ્મીશ પણ લાંછન વના ધારક ક્ષમાની ઢાલના,
કહુ તર્ક કરિ ગુણ કેટલા કુળદીપ કેશવલાલના. ૩
દલ સુખ વિષે જે રાખતા તે તાત દલસુખ જેમના,

તે સિંહના જેવા હતા તન હોય સિંહજ તેમના;
એવા ઘણા નત્ર હોય જે નર નીપજે નિર્માલ્યના,
કહુ તર્ક કરિ ગુણ કેટલા કુળદીપ કેશવલાલના. ૪

ભક્તી કરી ભગવતની શ્રીકાન્તને સ્વાધિન કર્યા,
છે ધન્ય દલસુખરામને ભવસિંધુ ત્રાસ વના તર્યા;
આ પુત્ર તે પુણ્યે થયા કંપાવનારા કાળના,
કહુ તર્ક કરિ ગુણ કેટલા કુળદીપ કેશવલાલના. ૫

વાણી નિરતર રસવતી ને શીલવતિ ઘરમાં સતી,
દધિ પુત્રિ દાનવતી ગણી કરિ જીન્દગી નિજ ફલવતી;
મીઠી નજર થાતા રહે જર પ્રાપ્તિની જન્જાલના,
કહુ તર્ક કરિ ગુણ કેટલા કુળ દીપ કેશવલાલના. ૬

ખોદાવિ ખૂબ જગાશયો અર્પ્યું જીવન હોસે ઘણી,
નિજ નાત સતોષી થયા જે સર્વનાથિ શિરોમણી;
ઇત્યાદિ શુભ ગુણ સુરભિવાળાં સુમન સુમન વિષે ધરી,
કવિતા સુતરમાં ગૂથિયા નથિ ચૂંથિયાં નાહક જરી. ૭

છે પુષ્પ પણ કરમાય નહિ એવી કરી કારીગરી,
ઉપહાર લાયક હાર ત્યાર અપાર શ્રમ સહિને કરી–
મનમાં મગન થઇને લઇ જનમાં મગનને સાથમાં,
અર્પણ કર્યો આ હાર કેશવલાલજીના હાથમાં. ૮

વળતી સમર્પણ આ કરી શ્રી સત્યદેવતણી કથા,
ગ્રહિ કેશવે કેશવ કથા વાચ્યો હું તેથી શ્રમ વ્યથા;

જાણી કદર કવિતા તણી પ્રીતે પ્રસિદ્ધ પછી કરી,
એ નરહરીને મન ગમ્યું દેજો નિરતર નરહરી. ૯
આ હારના ધરનારને આહાર અમૃતવત હજો,
વધજો અચલ યશ અવનિમાં શુભ સતતીનુ સુખ થજો;
ચરણે દયાશકર ધરી આશીષને ધનશામના,
આશીષ દે કેશવ તણી કેશવ પુરો મનકામના. ૧૦

સ ૧૯૫૭
કાર્તિક શુકલપક્ષ ૧
સૌમ્યવાસર

લિ. હિતૈષિ
કવિ દયાશંકર રવિશંકર.
અમદાવાદ.

બાબૂ શ્રી કેશવલાલજીની ઉદારતા વિષે.

છંદ ઇંદ્રવિજય.

અક્ષર ધામ મુકામ મળ્યે જન કોણ ચહે ધરતીપર ધાબૂ,
તારક તીર્થ સમીપ છતાં શુચિ કોણ કરે પળવા રૂચિ આબૂ;
જો જળથી મળહીન બને પટ તો બળશીદ કરે લઇ સાબૂ,
કોણ ધરે જમણો કર જો કરિ દે કરૂણા કદિ કેશવ બાબૂ.

લી. અભ્યૂદયેચ્છક.
કવિ. દયાશંકર રવિશંકર.

॥ પ્રસ્તાવના ॥

શ્રી સત્યનારાયણની કથા ભિન્ન ભિન્ન રૂપમાં ઘણી પ્રકટ થઈ છે જેમાંની એક મ્હારા પિતૃવ્યશ્રી રેવાશંકર જયશંકરની રચેલી પણ છે. તથાપિ ટુંકાણમાં, રસયુક્ત, અને વૃત્તબદ્ધ રચાવાને રણુ તાલુકે પાદરાના મ્હારા માસા શિવરામ કાશીરામ ભટ્ટના સંકેત અને સહૃદયપણાથી મ્હારે લખવી પડી. લખ્યા પછી પ્રસિદ્ધ કરતા જે શ્રમ પડ્યો તે આ વૃત્તવિષયક પુસ્તક સાથે સરખાવતાં વિશેષ હતો દૈવેચ્છાએ હું મ્હારા પરમકૃપાળુ કાશિના નિવાશી ગુરૂવર્યની પાસે અમદાવાદ અભ્યાસ કરવા આવ્યો. ત્યાં મ્હારો જે શેઠના ઘરમાં મુકામ હતો તે શેઠની જ્ઞાતિના બાબૂ સાહેબ શ્રી કેશવલાલજીનો વ્યાસ મગનલાલ બાપુજીએ મને મેળાપ કરાવ્યો. મેં તેમના સદ્ગુણોથી આકર્ષાઈ એમની પ્રશસાનો છંદ કરીને એમને સભળાવ્યો, સાથે આ કથાના પ્રથક્ પ્રથક્ અધ્યાયો પણ સંભળાવ્યા. દૈવઅનુકૂળ હોવાથી કેશવની કથા કેશવે સાંભળીને પ્રસિદ્ધ કરાવી રસજ્ઞ વાચકોને એક કવિતાયુક્ત કથાનો વધારો કરાવી આપ્યોછે. ઈશ્વર એમની મનકામનાઓને પૂર્ણ કરો! આ કથાની મ્હારીજ લખેલી એક નકલ મ્હારી પાસે હતી પરંતુ તે છપાવા અપાય એવી રીતે લખેલી ન હતી. તેથા બની તેટલી ત્વરા કરીને રાતોરાતમાં અસલ ઉપરથી શુદ્ધતા પુરઃસર ઉતારીને છાપવા આપી છે તેમા કોઇ કોઇ સ્થલે લખતો જઉ અને કવિતા પણ કરતો જઉ એમ પણ બન્યું છે. જેથી કાવ્યદોષ હોય તો પડતો સુધારીને વાંચશે એવી આશા છે,

મુ. અમદાવાદ.
ઠે. ટોકરશાનીપોળમા બારીઆવીવાળા શેઠ મોતિલાલ માણેકલાલની હવેલીમાં જમાલપુર
૧૯૫૭ કાર્તિક શુકલપક્ષ ૧
સૌમ્યવાર.

લી. વિદ્વદનુચર.

કવિ દયાશંકર રવિશંકર.

॥ श्री गणेशाय नमः ॥

॥ श्री सत्यनारायणनी पूजा संबंधी संक्षिप्त प्रकरण ॥

સત્યનારાયણની કથા કયારે કરાવવી ? તે વિષે.

છંદ ઉપજાતિ.

સક્રાતિ, એકાદશિ, પૂર્ણિમાએ, વારે રવી વા વ્યતિપાત થાયે;
એ નીમ કે હર્ષ હ્રદે ભરાશે, ઇચ્છા થઇ કે વ્રત ધારય થાશે. ૧

पूजानो सामान अने प्रकार.

ઉક્ત દિવસોમાના કોઇપણ દિવસે વૃત્ત કરનારે અપવાસી રહી સધ્યાકાળે પુન સ્નાન કરી પૂજા સ્થાન પાસે આવી આસન ઉપર પૂર્વાભિમુખે બેસવું. પછી આચમન લઇ પવિત્રી ધારણ કરી ગણેશ, ગૌરી અને વરૂણ દેવતાનું પ્રતિષ્ઠા તથા આવાહન કરી સંકલ્પ કરવો. તે પહેલા પુરોહિતે—ગોરે એક બાજઠની ચારે બાજૂઓએ કદલીપત્ર બાંધી મડપ કરવો, તે મડપમાં એક લૂગડાનો કોરો ધોળો કકડો પાથરી ઉપર ચોખા, કે ઘઉં મૂકવા અથવા એ બેય મૂકવા. વચમાં એક ત્રાબાના કળશનુ અંદર આસોપાલવનાં કે નાગરવેલનાં પાન મૂકી તે ઉપર નાડુ બાધેલુ શ્રીફળ મૂકી સ્થાપન કરવું. અને એક પવિત્ર પાત્રમાં અબીલ, ગુલાલ, સિંદૂર, કંકુવાળા ચોખા, અગરબત્તી, કર્પૂર વિગેરે પૂજાનું સાહિત્ય મૂકાવવું. બ્રાહ્મણને ત્યાં કથા કરવી હોય તો નવગૃહનુ પૂજનાવાહનાદિ વેદોક્ત મંત્રોએ કરાવવું. અન્યને ત્યાં હોય તો પુરાણોક્ત મંત્રોએ કરાવવું, ઈ૦

નૈવેદ્ય સારૂ પ્રસાદ કરાવવો, અને તુલસીપત્ર તથા દહીં, દૂધ, મધ, ઘી, તથા સાકર એ પંચામૃત મગાવવાં. કેળાં, દાડિમ, જમરૂખ વિગરે મળે તેટલાં ફળ પણ લાવવાં. કેટલાંક નાગરવેલનાં પાન મગાવવાં. વિષ્ણુની મૂર્ત્તિ (ધાતુની મળેનો તે અથવા શાલિગ્રામ) લાવવી. જનોઈનો જોટો મગાવવો અને પછી યજમાનને છૂટક પૈશા તથા દક્ષણા (મૂકવાની હોય તે) લેઈને બેસાડવો. પ્રથમ તેને સંકલ્પ કરાવવો. સંકલ્પની રીત —

अथेत्यादि० ॥ अमुक गोत्रोऽमुकशर्मा सकल दुरितोपशमन सर्वोपच्छांति पूर्वक सकल मनोरथ सिद्ध्यर्थं यथा संपादितसामग्र्या गणेशगौरी वरुणदेवता गणपत्यादि पंचलोकपाल देवता सूर्यादि नवग्रह देवता पूजन पूर्वक पूर्वांगीकृत्य श्री सत्यनारायण पूजन कथा महकरिष्ये ॥ આ પ્રમાણે ગોરે બોલી જઈ યજમાનની હથેળીમાં રેડેલા પાણીને નીચે મૂકાવવુ પછી " गणेशादिभ्योनमः ॥ अर्घ्यपाद्याचमनीयस्नान गंधाक्षत पुष्प धूप दीप नैवेद्याचमनीय मुखवास तांबूल पूगीफल द्रव्याणि तत्तन्मंत्रे समर्पयामि ॥" આ યજમાન પાસે બોલાવવું પછી सुमुखश्चैकदन्तश्च ઇ૦ બોલીને વિધિપૂર્વક ગણપતિ પૂજન કરાવવું પછી નવગ્રહનુ આવાહન કરાવવું પછી સત્યનારાયણની પૂજા કરાવવી. તેની રીતઃ--

યજમાનના હાથમાં પુષ્પ આપી ધ્યાન કરાવવું. ध्यायेत्सत्यं गुणातीत गुणत्रय समन्वितम् । लोकनाथ त्रिलोकेशं कौस्तुभा भरणं हरिम् ॥ १ ॥ नीलवर्ण पीतवास श्री वत्सपद भूषितम् । गोविंदं गोकुलानंदं ब्रह्माद्यैरपिपूजितं ॥ २ ॥ इतिध्यानं ॥ પછી આવાહન—
आगच्छागच्छदेवेश तेजोराशे जगत्पते । क्रियमाणां मयापूजां गृहाण

सुरसत्तम ॥ १ ॥ इत्यावाहनं ॥ પછી આસન. नाना रत्न समायुक्तं कार्तस्वर विभूषितम् । आसनं देवदेवेश प्रीत्यर्थं प्रतिगृह्यताम् ॥ १ ॥ इत्यासन ॥ પછી પાદ્ય. नारायण नमस्तेस्तु नरकार्णव तारक । पाद्यगृहाणदेवेश ममसौख्यं विवर्द्धय ॥ १ ॥ इतिपाद्य ॥ પછી અર્ઘ્યં. व्यक्ताव्यक्त स्वरूपाय हृषीकपतयेनम. । मयानिवेदितोभक्त्या अर्घोऽय प्रतिगृह्यताम् ॥ १ ॥ इत्यर्घ्यं ॥ પછી આચમન. मन्दाकिन्यास्तु-यद्वारि सर्वपापहरशुभ ॥ तदिदकल्पितदेव सम्यगाचम्यतां त्वया ॥ १ ॥ इत्याचमनं ॥ પછી સ્નાન स्नानपचामृतैर्देव गृहाण पुरुषोत्तम । अनाथनाथ सर्वज्ञ गीर्वाणप्रणतिप्रिय ॥ १ ॥ इतिस्नान ॥ પછી વસ્ત્ર. वेदसूक्तसमायुक्ते यज्ञसामसमन्विते । सर्ववर्णप्रदेदेव वाससीप्रतिगृह्यताम् ॥ १ ॥ इतिवस्त्रम् ॥ પછી યજ્ઞોપવીત. ब्रह्माविष्णुमहेशैश्च निर्मित ब्रह्मसूत्रकम् । यज्ञोपवीतदानेन प्रीयताकमलापति. ॥ १ ॥ इति यज्ञोपवीतम् ॥ પછી ચંદન. श्रीखडं चदन दिव्य । गधाढ्यं सुमनोहरम् ॥ विलेपन सुरश्रेष्ठ चंदनंप्रतिगृह्यताम् ॥ १ ॥ इतिचदन ॥ પછી પુષ્પ मल्लिकादि सुगधीनि मालत्यादीनिवैप्रभो ॥ मयाहृतानिपूजार्थं पुष्पाणिप्रतिगृह्यताम् ॥ १ ॥ इतिपुष्पाणि ॥ પછી ધૂપ. वनस्पतिरसोद्भूतो गधाढयोगधउत्तम । आघ्रेयः सर्वदेवाना धूपोऽयप्रतिगृह्यताम् ॥ १ ॥ इतिधूपम् ॥ પછી દીપ. साज्यचवर्तिसयुक्तं वन्हिनायोजितमया ॥ दीपगृहाणदेवेश त्रैलोक्य तिमिरापह ॥ १ ॥ इतिदीपम् ॥ પછી નૈવેદ્ય. घृतपक्वहविष्यान्न पायस च सशर्करम् । नानाविध च नैवेद्य विष्णोमे प्रतिगृह्यताम् ॥ १ ॥ इतिनैवेद्यम् ॥ પછી આચમન. सर्वं पाप हरं दिव्य गांगेय निर्मलं जलम् । आचमनं मयादत्तं गृह्यतां पुरुषोत्तम ॥ १ ॥ इत्याचमनं ॥ પછી તાંબૂલ. लवगकर्पूरयुतं तांबुल सुरपुजितम् । प्रीत्यागृहाणदेवेश मम सौख्यंविवर्धय ॥ १ ॥ इति तांबूलम् ॥ પછી ફલ. इदं फल मयादेव स्थापितं पुरतस्तव । तेन मे सफलावाप्ति र्भवेज्जन्मनि ज-

न्मनि ॥ १ ॥ इतिफलम् ॥ પછી નીરાજન—આરતિ चतुर्वर्तिस-मायुक्तं घृतेन च सु पूरितम् । नीराजनेन संतुष्टो भवत्येवजगत्पतिः ॥ १ ॥ इति नीराजनम् પછી પ્રદક્ષિણા. यानिकानिच पापानि ज-न्मान्तर कृतानिच । तानितानि विनश्यन्ति प्रदक्षिण पदेपदे ॥ १ ॥ इति प्रद्रक्षिणा ॥ પછી પુષ્પાંજલિ નમસ્કાર કરીને પ્રાર્થના કરવી. यन्मयाभाक्तियुक्तेन पत्र पुष्प फल जलम् । निवेदित च नैवेद्य तद्गृ-हाणानुकम्पया ॥ १ ॥ मत्रहीनं क्रियाहीन भाक्तिहीन जनार्दन । य-त्पूजितंमयादेव परिपूर्ण तदस्तुमे ॥ २ ॥ अमोघ पुडरीकाक्ष नृसिंहं दैत्यसूदनम् । हृषीकेशजगन्नाथ वागीशवरदायकम् ॥ ३ ॥ गुणत्रयं गुणातीतं गोविंदं गरुडध्वजम् । जनार्दन जनातीत जानकी वल्लभ ह-रिम् ॥ ४ ॥ प्रणमामि सदा भक्त्या नारायणमत· परम् । दुर्गमे विषमे घोरे शत्रुभिः परिपीडिते ॥ ५ ॥ निस्तारयस्व सर्वेषु तथा निष्ट भ-येषु च । नामान्येतानिसकीर्त्य ईप्सितंफलमाप्नुयात् ॥ ६ ॥ सत्यना-रायणं देवं वंदेऽहं कामदंप्रभुम् । लीलया विततं विश्वं येन तस्मै नमोनमः ॥ ७ ॥ इति प्रार्थना ॥

॥ ॐ श्री. ॥

॥ ?तबद्ध श्री सत्यनारायण कथा ॥

॥ प्रारंभः ॥

॥ मङ्गलाचर्ण ॥

अद्वैत ज्ञान रसदं करुणा वरुणालयम् ।
विभवानां प्रदातारं वन्दे चन्द्रधरं मुदा ॥
कुमार तातं करुणा निधानं
गौरी पतिं ज्ञानधनाग्रयायीम् ।
प्राज्ञं गुरुं चन्द्रधरं प्रणम्य
वृत्तान्वितां सत्य कथां करोमि ॥

॥ अथ कथा प्रारंभः ॥

છંદ અનુષ્ટુપ્.

નૈમિષારણ્યમાં સર્વે, શૌનકાદિ મહામતિ;
મુનિઓએ કહ્યું પ્રેમે, સૂત પૌરાણિક પ્રતિ. ૧

મહામુને! કિયા વૃત્તે, વા કિયા તપના બળે;
ટળે ભ્રાન્તિ મળે શાન્તિ, કામના મનની ફળે. ૨
તે સઉ શુણવા ચિત્તે, અતિ આતુર સૌ અમે;
મુનિ વાણી શુણી બોલ્યા, પુરાણી સુત તે સમે. ૩
દેવર્ષિ નારદે હાવું, પૂછ્યુ તુ પ્રશ્ન કૃષ્ણને;
કૃષ્ણ જે તમને કીધુ, શુણો તે કહું આપને. ૪
પ્રશ્ન કૃષ્ણ પ્રતિ કે'તા—પૂર્વે આ ઋષિ નારદ;
પરાનુગ્રહ ઇચ્છાનુ, હૈયામાં ધરિ હારદ. ૫

છંદ ઉપજાતિ.

ભૂલોક આવ્યા સઉ લોક ભાળ્યા, સમસ્ત ક્લેશાન્વિત તે નિહાળ્યા;
અનંત યોની થકિ ઊપજેલા, પીડા વિષે પ્રાણિ બધા પચેલા. ૬
સ્વકર્મના યોગથિ આ તમામ, દુ:ખી થતા દેખિ અપાર આમ;
સંહારવા સકટ ધારિ મામ, ગયા જ્યહાં સુદિર છે સ્વધામ. ૭

છંદ અનુષ્ટુપ્.

નારાયણ પ્રભૂ તત્ર, ચતુર્ભૂજ તનૂ સિત;
શખ, ચક્ર, ગદા, પદ્મ, વનમાલા વિભૂષિત. ૮
દેવના દેવ જેવા તે, પ્રભૂનુ ધરિ ધ્યાનને;
નારદે સ્તવવા માંડયા, ભાવથી ભગવાનને. ૯
અનત શક્તિ સ્વરૂપ, હે હરે! વાઙમનાતિત;
આદિ મધ્યાંતથી હીન, છો નિર્ગુણ ગુણાન્વિત. ૧૦
ભક્તોની ભીડના ભેત્તા, આદિ કારણ સર્વના;
નમસ્કાર કરૂછું હું, હે પ્રભો! શત્રુ ગર્વના. ૧૧

છંદ દ્રુતવિલંબિત.

હરિ વધા સ્તુતિ સર્વ વિચારિ આ, કિયુ પ્રયોજન ધારિ પધારિયા;

દઇશ ઉત્તર હું તવ પ્રશ્નનું, ઋષિ વધા શુણિ વાયક કૃશ્નનું. ૧૨
પ્રભુ ! ગયો હું કદા જનલોકમાં, ન નિરખ્યા ત્યહાં લોક અશોકમાં;
સબળ સંકટ મેં લહ્યુ સર્વેને, તવ દયા ઉપજી મનમાં મ'ને. ૧૩
લઘુ ઉપાય થકી મુળ દુઃખનુ, સઙ મટે ઉમટે મુળ સૂખનુ;
ચિત ચહે શુણવા સઘળું હરી, ઉચરજો યદિ હોય કૃપા જરી. ૧૪
પ્રભુ વધા પ્રિય પુત્ર તમે અહીં, જનતણા હિતને ચિતમા ચહી;
પરમ ઉત્તમ પૂછ્યુ કળે કળે, કહુ શુણો જનમોહ વ્યથા ટળે. ૧૫
તમ વિષે મમ વત્સલતા થકી, સુખદ વૃત્ત પ્રકાશ કરૂ નકી,
પરમ પુણ્યદ ને વળિ સુલભ, સ્વરગ, મૃત્યુ, વિષે પણ દુર્લભ. ૧૬
શુભ વિધી કરીને વૃત સત્યનુ, કદિ કરે તજી મૂળ અસત્યનુ;
ઝટ ફળે વળિ મોક્ષ મળે મહા, શુણિ ઋષી ઉચર્યા કહિને અહા. ૧૭
સમય એ વૃતને કરવાતણો, ફળ, વિધાન, તથા કરતા ભણો;
પ્રભુ કહે પરિપૂરણ માન્ય દે, દુખ હણે, સુખ દે, ધન ધાન્ય દે. ૧૮

છંદ અનુષ્ટુપ્.

સૌભાગ્ય સંતતી સાથે, જય દે જનને નકી;
ગમે તે દિવસે ચિત્તે, શ્રદ્ધા ભક્તિ પુરી થકી. ૧૯
સત્ય નારાયણ પ્રભુ, પૂજે સંધ્યા સમે નર;
બધુ બ્રાહ્મણની સાથે, થઇને ધર્મ તત્પર. ૨૦
સવાયુ શ્રેષ્ઠ નૈવેધ, અર્પે અંતર ભક્તિથી;
ઘી, કેળાં, દૂધ, ઘઉનો, લોટ લેવો સ્વશક્તિથી. ૨૧
તે સાથે શર્કરા લેવી, ગોળ લે જો ન તે મળે,
ઘઉનો લોટ ન મળ્યે, ચોખાના લોટથી વળે. ૨૨
સૌ સવાયું લઇ તેનો, શીરો કરી હરી કને;
પ્રસાદાર્થે ધરે પ્રેમે, મોદયુક્ત મને અને— ૨૩
વિપ્રને દક્ષિણા દેવી, સૌ સાથે શુણવી કથા;

વિપ્રાદિ સર્વેની સાથે, કરે ભોજન સર્વથા. ૨૪
કથા સમાપ્ત કરિને, નૃત્ય ગીતાદિને કરે,
વિચરે સ્વગૃહે શ્રોતા, માર્ગમાં સત્યને સ્મરે. ૨૫
કહ્યું તેમ કરે તેથી, કામના સિદ્ધ થાય છે,
ઘણુંકરી કલીમા આ, સૌથી ના'નો ઉપાય છે. ૨૬

इति श्री सत्यनारायण कथायां प्रथमोऽध्यायः समाप्तः ।१।

છંદ સ્વાગતા.

સૂત શૌનક સમીપ ઉચારે, શૌનકો શ્રવણમાં મતિ ધારે;
કાશિવાશિ દ્વિજ એક નિરાશી, દ્રવ્યહીન રહે વક્ત્ર વિકાશી. ૧
દુઃખિ રે' સતત ભૂખ ત્રષાથી, પેટ પોષણ ન થાય કશાથી;
ભીખ સારૂ ભટકે અવનીમાં, ના ભરાય પણ હાથ વનીમાં. ૨
સંકટે ગૃહિત સોમપ ભાળી, વિપ્ર વલ્લભ હરી વનમાળી;
વૃદ્ધ વિપ્રતણું રૂપ ધરીને, યોગ સારૂ શુભ યોગ કરીને. ૩
પથમાં પ્રણમિને પ્રભુ પૂછે, ઉચ્ચરો દ્વિજ ! વડૂ દુખ શૂં છે ?
દુઃખમાં ભ્રમણ કેમ કરો છો ? ફાળમાં ફટકિ કેમ ફરો છો ? ૪
તે સમસ્ત શુણવા ચહુ ચિત્તે, વિપ્ર સત્તમ વદો સઉ પ્રીતે;
વૃદ્ધ વિપ્રતણું વાક્ય વિચારી, દીન વિપ્ર કહે રાખિ ટટારી. ૫
દીન દ્રવ્યહિન વિપ્ર છું જાતે, ભીખ સારૂ ભમુ નિત્ય પ્રભાતે;
જો ઉપાય દુખનાશક પાસે, હોય તો પ્રભુ કહો ટકુ આશે. ૬
વૃદ્ધ વિપ્ર કહે સંકટ આપે, સત્યવૃત્ત મનવાંચ્છિત આપે,
પ્રેમથી કરવું પૂજન તે'નું, દુઃખ દૂર કરતા સરવેનુ. ૭
તે પછી વૃતવિધાન ઉચારી, થૈ ગયા ઝટ અલોપ મુરારી;
દીન વિપ્ર વૃત એ કરવાને—ટેક ધારિ થઇ તર્ત રવાને— ૮

ઉંઘ આવિ નહિ તોપણ રાતે—જે સુતો ઝટ જાગ્યો પરભાતે;
સત્ય વ્રત્ત કરવું નિરધારી, રાખિને સ્મરણમાં ગિરિધારી. ૯
ભીખ સારૂ દ્વિજ તર્ત પળ્યો તે, રોકડું કંઇક નાણું રળ્યો તે;
વ્રત્ત કીધુ વળતી વિધિ સાથે, નોતરી નિજ કુટુંબ અનાથે. ૧૦
દુઃખમુક્ત થઇને દ્વિજ તેથી, પામિયો મહા સમૃદ્ધિ મજેથી;
સત્યના વ્રતતણા મહિમાથી, વિપ્રનુ દુખ ટળ્યું મહિમાંથી. ૧૧
તે છતાય દ્વિજ તે અતિ આશે, આ કરે વ્રત પછી પ્રતિમાસે;
પાપ હીન બનિયો નિજ ખંતે, મોક્ષ દુર્લભ મળ્યો વળિ અંતે. ૧૨
થાય સત્ય વ્રત જો વિધિએથી, ના દમાય જરિએ વિધિએથી;
વિપ્ર સત્ય વ્રતને કરશે જો, સત્ય સંકટ બધા હરશે તો. ૧૩
એવું આ વ્રત વિણાધર પાસે, વિષ્ણુએ કહ્યુ વિશેષ ઉલાસે;
તેહ વ્રત્ત તમનેય શુણાવ્યુ, જે યથાર્થ હતું તેહ જણાવ્યું. ૧૪
શૌનકાદિ સુતની શુણિ વાણી, પાણિ જોડિ ઉચર્યા મુદ આણી;
તે પુરોહિત થકી શુણિ કર્યું, વિસ્તર્યું પૃથિવિમાં કઇ વર્ણું. ૧૫
તે સમસ્ત શુણુવા થઇ પ્રીતિ, કો' કૃપાળુ સઘળુ અથ ઇતિ;
સુત કે' સઉ શુણો ઋષિ ભાવે, વિસ્તર્યું કઇ રિતે વ્રત હાવે. ૧૬
એકદા ગરિબ જે દ્વિજ પેલો, તેહ સત્ય વ્રત કાજ મચેલો;
તે તકે ધરિ શિરે એક ભારો, આવિયો તૃષિત ત્યાં કઠિયારો.૧૭
કાષ્ટ બ્હાર ધરિ કાષ્ટ સમો તે, વિપ્રમંદિરનિ પાસ ગયો તે;
વિપ્રને નિરખિ વ્રત્ત વળુંધ્યો, તર્ક અંતરતણો ઝટ રૂંધ્યો. ૧૮
પાખિ યાચક પછી બેઉ પાણી—જોડિને જઈ વદ્યો શુભ વાણી;
કેમ આ જન મળ્યા અહીં ઝાઝા? થાયછે શું વ્રત આ મહારાજા ! ૧૯
એ કર્યે ફળ કિયું ખરવાનુ ? કેઇ રીત થકિ એ કરવાનું ?
સાંભળી દ્વિજ કહે શુણુ ભાઇ, વ્રત્ત સત્યતણું આ સુખદાઇ.૨૦
તે કર્યાથિ ધન ધાન્ય મળે છે, તાપ ત્રેણુ તનનાય ટળે છે;

વ્રત આ વિધિવડે કરવેથી, હું થયોછું સુખિયોય હવેથી. ૨૧
વિપ્રથી વ્રત શુણી કઠિયારો, ખૈ પ્રમાદ જળ પી લઇ ભારો;
કાષ્ટમાથિ ધન જે કંઇ લાવું, વ્રતમાહિ સઘળુય ઉડાવું. ૨૨
એમ તર્ક ઉરમાં કરતો તે, સત્યદેવ મનમાં સ્મરતો તે;
રમ્ય પત્તન વિષે પછિ ચાલ્યો કાષ્ટ વેચિ મનમાં બહુ મા'લ્યો.૨૩
મૂલ્ય પ્રાપ્ત બમણુ થયુ માટે, હર્ષથી વણિકને જઇ હાટે;
શર્કરા, ઘૃત, અને પય, કેળા, પિષ્ટ ગોધુમતણો ફળ ભેળાં. ૨૪
લેઇ સર્વ જઇને નિજ સ્થાને, નોતર્યા દ્વિજ મહા સનમાને;
ત્યાર ત્યાં શુભ પ્રસાદ કરીને, તેડિયા સ્વજન સાદ કરીને. ૨૫
સત્યવ્રત્ત કર્યું ટેક ધરીને, તેથિ ના દુખ નિહાળ્યુ ફરીને,
પામિયો તન અને ધનધાન્ય, મેળવ્યુ સ્વજનમા વળિ માન્ય. ૨૬
વ્રત્તના પરમ શ્રેષ્ઠ પ્રભાવે, મોક્ષમા અહરનીશ ગુણાવે;
કષ્ટના નિરખિયુ અહી ક્યારે, સદ્ગતી થઇ પડ્યુ તનત્યારે. ૨૭

इति श्री सत्यनारायणकथायां द्वितीयोऽध्यायः ॥ २ ॥

છંદ વસંતતિલકા.

કે' સૂત શૌનક શુણો મમતા લગાડી,
ઉલ્કામુખ પૃથિવિનાથ હતો અગાડી,
આસ્તીક ઇન્દ્રિજિત ઉત્તમ સત્યવાદી,
સંતોષતો દ્વિજ સદા થઇ અપ્રમાદી, ૧
તેને હતી તરૂણિ પદ્મમુખી પ્રમુગ્ધા,
શાણી સતી શુભમતી વતિ હીન દુગ્ધા;
તે સુંદરીનિ સહ ભદ્રશિલા નદીને,
તીરે કરે વ્રત વિભુ શુભ એક દીને. ૨

વે'પારિ વાં'ણુ વસ્તુ પૂરિત લેઇ ટાંણે,
ક્યાંથીય આવિ ચ્હઢિયો ત્યહાં કોણ જાણે;
સાધૂ હતો ન પણુ શેઠનુ સાધુ નામ,
તીરે ટકાવિ તરણી કરિને મુકામ. ૩
સવૃત્ત ભૂપ લહિ ત્યાં જઇ સાધુ શેઠે,
વદી વસૂમતિ પતી કહ્યુ દીન પેઠે;
રાજાધિરાજ કહો આપ શું આ કરો છો ?
અત્યન્ત ભક્તિમય શુ વૃત આચરો છો ? ૪
તે જાણવા ચિત ચહે મમ રે' ન વાર્યું,
સાધૂનુ વાક્ય શુણિ સાધુ નૃપે ઉચાર્યું;
શ્રી વિશ્નુ સત્ય પ્રભુનુ વૃત આ કરૂ છું,
થાવા સુપુત્ર મમતા મનમા ધરૂ છુ ૫
આ બોલ સાભળિ મહા મન મોદ પામી,
શેઠે કહ્યુ નૃપતિ પાસ પુન. પ્રણામી;
એ વૃત્તની સઉ વિધી વરણો હવે તો,
પામ્યો અલભ્ય તવયોગ રૂડો થવે તો. ૬
છે સપતી પણુ ન સતતિ કાઇ મ્હારે,
તેથી કરીશ વૃત જે શ્રવણ્યુ અત્યારે;
વ્યાપાર છોડિ વળિયો કહિ એમ શીઘ્રો,
આભાર માનિ વણિકે નિજ માર્ગ લીધો. ૭
સ્વગ્રામ જાઇ કહિ સુન્દરિને વધાઇ,
થાતા પ્રજા વૃત કરીશ હુ હર્ષદાઇ.
લીલાવતી કરિ હતી સતિ શેઠની તે,
હાતુ શુણી હરખ પામિ અપાર ચિત્તે. ૮
પામી ઋતૂ પરમ સત્ય કૃપા ગણાઇ,

સાધૂતણી ગૃહિણિ અગૃહિણી જણાઈ;
પૂરા થતાં દિવસ બાળકિ રત્ન જેવી,
સત્ય કૃપાથિ જનમી કહું તે હું કેવી ૯
જેવી વધે શશિકલા શુભ શુકલપક્ષે,
તેવી રિતે વધિ સુતા સઉની સમક્ષે,
વૃદ્ધિ થઇ વિધુકલાસમ તેથિ ત્હેનુ,
પાડ્યું કલાવતિ સુ નામ પછી મજેનુ ૧૦
લીલાવતી લહિ લલામ કલાવતીને,
બોલી મધૂર વચનો પ્રણમી પતીને,
સ્વામી ! તમે કયમ કર્યું નહિ વૃત્ત પેલું,
સાધૂ કહે ગૃહિણિ બોલિશ ના તું ઘેલું. ૧૧
જ્યારે કલાવતિ થશે પરણાવવાની,
ત્યારે વિધી વૃતનિ મ્હેં મળતી થવાની;
એવુ કહી યુવતિને સમજાવિ ફાવ્યો,
ત્યાંથી ઉઠી નગરમાં ફરવા સિધાવ્યો. ૧૨
એવી રિતે હરખના લઘુ દીન ખોતાં,
સાહેલિ સાથ રમતી નિજ પુત્રિ જોતાં;
હાવે વિવાહ વિધિયોગ્ય થઈ વિચાર્યું,
શેઠે મુનીમ ઝટ તેડિ કને ઉચાર્યું. ૧૩
આ પુત્રિ યોગ્ય ગુણ રૂપ વયે ગએલો,
સત્કૂળમાં જનમ હોય વળી થએલો;
એવો તું લાવ્ય વર જા શુણિ તેહ ચાલ્યો,
તેવોજ કાંચનપુરી પથ તર્ત ઝાલ્યો. ૧૪
ત્યાંથી ગુણી વણિકનો સુત એક લાવ્યો,
તે ભાળતાં નજરમાં સઉનેય આવ્યો;

આવ્યો શુ ધામધુમ ઉત્તમ તર્ત્ત કીધી,
કન્યા વિવાહવિધિથી પરણાવિ દીધી. ૧૫
અત્યન્ત હર્ષ હૃદયે ધરિ જ્ઞાતિ સાથે,
ઊડાવિયા કઇ હઝાર વસૂ સ્વહાથે,
ભૂલ્યો ભુડા ભવિષથી વ્રત તોંય, તેથી—
કોપ્યા કૃપાનિધિ હરી મનમાં હવેથી. ૧૬
વીત્યા ઘણા દિવસ તે પછિ એવિ રીતે,
વ્યાપાર સારૂ સ્વસુતા પતિની, સહી તે;
સાધૂ પળ્યો સમય જોઇ સ'વાર માહી,
આવ્યો સુરમ્યપુરમા પલવાર માહી. ૧૭
તે પૂર સિંધુતટ ઊપર રત્નસાર,
નામે પ્રસિદ્ધ રહે જ્યા બહુ રત્ન સાર,
ત્યાંથી કરી વણજ મેળવુ રત્ન સાર,
એવો વિચાર કરિ યત્ન કરે અપાર ૧૮
જામાત્ર સાધુ જણુ બે જયમ ચદ્ર કેતુ,
તે આવિયા જયહા રહે નૃપ ચદ્રકેતુ;
વ્યાપારમા વણિક વાત ભુલી ગયો તે,
કેવી રિતે પરમ દુખિ ત્યહા થયો તે. ૧૯
ભ્રષ્ટ પ્રતિજ્ઞ જન આ લહિ સત્યદેવે,
દારૂણ દુખ ખમજે કહ્યુ દુષ્ટ ટેવે;
શેઠે ગ્રહ્યુ પરમ શાપનુ વાક્ય હાવું,
કે' સૂત શૌનક શુણો પછિનુ જણાવું. ૨૦
ભૂપાળનુ ભવન તસ્કરલોક ફાડી,
રાત્રે અપાર ધન માલ ગયા ઉપાડી,
ને આવિયા જયહાં રહે સસરો જમાઈ,

પૂઠએ નિહાળિ પગલૂ પળિયા સિપાઇ. ૨૧
જામાત્ર સાથ કરિ દીપક શેઠ જાગે,
નામું લખે વસુ ગણે વળિ કૈંક માગે;
ત્યાં માલ ફેંકિ ઉપડ્યા ચગ ચોર પેલા,
આવ્યા પછી પકડ્યા ચરજે પળેલા. ૨૨
સાધૂતણા ઘર કને પગલૂ નિહાળ્યુ,
શિક્કા સહીત નૃપનુ ધન તેય ભાળ્યુ,
સાધૂનુ બાંધુ ઘર તે લહિ તત્ત લૂટ્યું,
જાણે ન પેલુ પણ કેવળ કર્મ ફૂટ્યું. ૨૩
કૌન્તેયને જયમ થયુ હતુ જોમ કાબા,
તે'વી રિતે બનિ ગયા જન બેય હાબા;
હાબા બન્યાશુ પકડી ઝટ બાન્ધિ લીધા,
શીધ્રા કરી નૃપતિના ભણિ આણિ દીધા; ૨૪
મુદ્દો બતાવિ નૃપને ચર ત્યા ઉચારે,
આ ચોરને પકડ્યા વિચરી અત્યારે;
તેને નિહાળિ કરુણાનિધિ આપ ભાખો,
જોવા નથી નૃપતિ કે' ઝટ કેદ નાખો. ૨૫
નાખ્યા જમાઇસહ શેઠજી બધિખાને,
પીડાય બેઉ જણુ પૂરણ ખાનપાને;
ભૂપે કર્યો હુકમ તે પછિ તર્ત હાવો,
એ બે જણાનુ સઘળૂ ધન લૂટી લાવો. ૨૬
માયાથિ મોહિત થયો નૃપ સત્ય નીતે,
લૂટાવિ પૂંજી હતિ શેઠનિ સત્યની તે;
શાપે સ્થિતી વણિકની થઇ આમ હાવી,
શેઠાણિ છે ત્યહાં દશા પણ કેવિ આવી ?! ૨૭

ચોપાસ ચોખુ થયું ચોરિ થવાથિ ભારી,
વારી પિવા સદનમાહિ રહી ન ઝારી,
નારી બિચારિ સુકુમારિ કુમારિ સાથે,
કીધી અનાથ પતિ દોષથકી શ્રીનાથે ૨૮
ભૂખે ભમે નત મળે ન શમે ઉપાધી,
સાધી સમો વહિગયા વપુ આધિ વ્યાધી,
મોંધી હતી મણિસમાન કલાવતી જે,
માગેલુ મેળવતિ હોઠ હલાવતી કે, ૨૯
તે એકદા અશન સારૂ જતા ક્ષુધાર્ત્તા,
વિપ્રાલયે જઇ રહી લહી સત્ય વાર્ત્તા;
પૂરી કથા શુણિ પ્રસાદ પછી લહ્યાન,
માતાતણા કર વિષે અર્પ્યો જમાને. ૩૦
સૂરી થઇ લહિ કલાવતિની અસૂરી,
લીલાવતી લહિ પરતુ ન થૈ અસૂરી;
બોલી તું આટલિ નિશા લગિ કયા પળીતી ?
શા કામમા ધરિ તુ ભાવિકતા ભગીતી ? ૩૧
હાવું શુણ્યા પછિ કલાવતિ બોલિ માતા !
વિપ્રાલયે વ્રત નિહાળિ અભિષ્ટ દાતા,
બેઠી કથા શુણિ તથા પરસાદ લહાઇ,
આવી પછી તુજકને ઝટ લેઈ ધાઇ. ૩૨
કન્યા કલાવતિતણા શુણિ બોલ હાવા,
લીલાવતી સજ થઈ વ્રત સત્ય લ્હાવા,
પૂજા કરે અહરનીશ અપાર રાગે,
સ્વામી, જમાઇ, નિરખૂ સુખિ એજ માગે ૩૩
જામાત્ર ને પતિતણો અપરાધ જાયે,

શેઠાણિ સત્ય મખિપે વદતી સહાયે;
આસ્તાકતા યુવતિની લહિ સત્યદેવે,
જૈ ચદ્રકેતુ નૃપને કર્યું સ્વપ્ન તેવે. ૩૪
છે કેદમા વણિક બે કર મુક્ત જાતે,
ભૂમીશ ના નૃપ કહ્યુ કરજે પ્રભાતે;
દેજે તમામ ધન તેનુ ગુણી અમારૂં,
ન્હૈ તો નિકંદન થશે ઝટ રાજ્ય ત્હારૂં. ૩૫
કહૈને થયા વળતિ અંતરધ્યાન ઈશ,
ઊઠ્યો પ્રભાત સમયે ઝબકી ક્ષિતીશ;
સ્વપ્નાનિ વાત કહિ લોક તમામ તેડી,
તોડી દિધી વણિકના પગમાની બેડી. ૩૬
આવ્યા નમ્યા વિભય ભૂપતિને સભાવે,
થાશે શું ? એમ મન વેમ તથાપિ આવે;
ભૂપે ભગાવિ ભય નપિકને મગાવી,—
વ્યાપારિનુ વધિ ગએલુ વતૂ કરાવી — ૩૭
આપ્યાં સુવસ્ત્ર વળિ ભૂષણ ભાવ ધારી,
ઉચ્ચારિ કીર્ત્તિ વણિકાતણિ બા વધારી;
લીધ થિ નાણુ બમણુ અરપ્યુ નૃપાળે,
કચ્ચાશ રાખિ ન કૃપા કરતા કૃપાળે ૩૮
શેઠે કર્યો મન વિચાર પછી જવાને,
ભૂપે રજા તરત આપિ થવા રવાને;
તે સાંભળી વિભુ પગે પડિ બે ધની તે,
બોલ્યા પળીશુ કરૂણા થઇ આપની ને. ૩૯

इतिश्री सत्यनारायणकथायां तृतीयोऽध्यायः ॥ ३ ॥

છંદ મહિદીપ.

શૌનકો પ્રતી કહે પછીથિ સૂત ભાવે,
સાધુ શેઠનું કહું વૃતાન્ત સર્વ હાવે;
ભૂપનું દિધેલુ દ્રવ્ય લેઇ ઘેર આવી,
જાતરા જવાનિ વાત ચો મગા ચલાવી. ૧
ભૂસુરોને ભૂરશી દઇને ભૌમવારે,
શેઠ લેઇને જમાઇ સચર્યો સ'વારે;
માલ વ્હાણમાં ભરી પછી સુખે ચલાવ્યું,
કેટલેક દૂર સચર્યાં પછી ટકાવ્યું. ૨
સાધુ પાસ સત્યદેવ સાધુ થૈ પધાર્યા,
મિષ્ટતાભર્યું મુખેથિ આમ ત્યા ઉચાર્યાં;
સાધુ શેઠ વ્હાણમાહિ શું ભર્યું કશીને,
તે શુણી મદાધ શેઠ ઉચર્યો હશીને. ૩
દંડિ! દ્રવ્ય લૂટવાનિ વૃત્તિ શું કરી છે,
પાદડા લતાનિ એ વખાર મેં ભરી છે;
સત્યદેવ ક્રૂર બોલ સાંભળી કહે છે,
તેજ હો જરૂર જે તું આ તકે ચહે છે. ૪

છંદ ઉપજાતિ.

દંડી ઉભા એમ ઉચારિ છેટે, નિત્યક્રિયા તે પછિ કીધિ શેઠે;
જમાઇ સાથે જયમિ નાવ ભાળ્યું, સિંધૂ વિષે તે તરતું નિહાળ્યું. ૫
હાઓ બનીને જઇ વ્હાણુ જોતા, વેલા લતા પાર રહ્યો ન રોતાં;
મૂર્છા ખઇ શેઠ પડ્યા ધરાયે, રહ્યું નહીં ભાન પછી જરાયે. ૬
ઊઠયા ઘણી વાર થયા પછી તે, ચિંતા કરે આ બનિયુ શિ રીતે;
અરે! ગઇ કાદવમાં કમાઇ, શુણી વદે શેઠતણો જમાઇ. ૭

ચિંતા કરો ના કહો શું ગયું છે? સન્યાસિના શાપથિ આ થયું છે;
માટે જુઓ છે કહી એહ દડી, ગયા તમોને અહીં જેહ દંડી. ૮
જમાઇના સાંભળિ બોલ માધુ, ગયો હતા જે સ્થળ સત્યસાધુ,
ત્યહા જઇને પગમાં પડીને, વણીક બોલ્યો અતિશેં રડીને. ૯
દયાળુ! મેં દોષ કર્યો મહાન, ક્ષમા કરો તે કરૂણાનિધાન;
શોકે કરી વ્યાકુળ વાર વાર, ઉચ્ચારિને એમ રડે અપાર ૧૦
પછી વધા સત્ય કૃપા કરીને, રૂવે છતાં તું ન જુએ હરીને,
સેવાથકી તે થઇને વિમૂખ, દારૂણ વેઠ્યું બહુ વાર દુખ. ૧૧
વણીક બોલ્યો વળતી વિલાપી, પ્રભુજી છું હુ પરિપૂર્ણ પાપી,
તમારિ માયાથકિ મોહ પામી, બ્રહ્માદિ દેવોય રહ્યા વિરામી. ૧૨
ન રૂપ કે ગૂણ લહે તમારા, ત્યા આશરા શા જગદીશ મ્હારા,
પૂજીશ હુ સંપતિને સુમારે, ક્ષુનો કરો માફ કર્યો ગુમારે. ૧૩
તમામ મ્હારૂ ધન પૂર્વ આવે, તમો વિના કોણ મ્હને બચાવે!!
સ્તુતી શુણી આ સત્ય ઉચ્ચરીએ, વાન્છિત આપ્યો વરબી હરીએ. ૧૪
ગયું હતું તે થયુ દ્રવ્ય જોઇ, કરાવિ ત્યા સત્ય કથાનિ સ્હોઇ;
સતાવિ કીધી શુભ સાથ સત્યે, પછી પળ્યો તે નિજ પૂર પ્રત્યે. ૧૫

છંદ સ્વાગતા.

દૂરથી નગરને નિરખીને, મોકલ્યો ચર ચિને હરખીને;
શેઠની યુવતિને જઇ ચારે, વાત સર્વ કરિ શેઠ પધારે. ૧૬
છે ખુશી ધન ઘણું મળિયુ છે, પુણ્ય પૂર્વભવનુ ફળિયું છે;
વાત આ શ્રવણિને હરખાતી, સત્યપૂજન કરી મદમાતી. ૧૭
કે' કલાવતિ કને જઇ કોડે, બેન! શીઘ્ર સજ થા મુજ જોડે;
આવિયા તુજ પિતા સુખિયા છે, બૈ પ્રસાદ પગલે પળ્ય પાછે. ૧૮
વાત માતનિ સુતા કરિ યાદ, તાત કાજ તજી ચાલિ પ્રસાદ;

આ થકી હૃદયમાં અહિ રીશે, સાંભળો શું કર્યું એ પછિ ઇશે. ૧૯
નાવ, નાથ, જર સાથ હતા તે, પુત્રિએ નિરખિયા ડુબતા તે;
કાન્તની કળિ જતી લહિ કાન્તિ, વીસરી ગઇ કલાવતિ શાન્તિ.૨૦
કેશ તોડતિ કહે થયુ આ શુ ? આસુ જાય જયમ ચાતુર માસુ;
પૃથ્વિ ઉપર પડી પછિ બાળા, થૈ ગયા સજડ સંગતિવાળા. ૨૧
દેખિ ભીતિ ધરિ ભીતર સાધુ, ' કોપિયા અહિં વળી કુણ સાધુ,"
એમ તર્ક કરતો મનમાહે, વિહ્વલા થઇ લિલાવતિ ત્યાહે. ૨૨
કે' પતિ પ્રતિ જમાઇ ગયા ક્યા? દૈવ કોપથિ અલોપ થયા ક્યાં?
ફાળમોયુ ચિત આ ફુટકે છે, પ્રાણ કઠનિ કને અટકે છે. ૨૩

છંદ દ્રુતવિલંબિત.

ગડિ પડી કહિ એમ લિલાવતી, સહ કલાવતિ અંક રડી સતી;
કરિ વિલાપ કલાવતિએ અતી, પકડિ પાવડિયો પતિની વતી. ૨૪
ઉદધિમાં પડવા મન ધારિય—વતિને વણિકે શું વિચારિયુ ?
જમઇને હરિએ શુ હર્યો હશે ? પ્રભુતણો અપરાધ કર્યો હશે.૨૫

છંદ અનુષ્ટુપ્.

કરી તર્ક ઘણા એવા, તેઆ સ્વજન સર્વને;
સત્ય વૃત્ત કરૂં એવુ, કર્યુ ત્યા તજી ગર્વને. ૨૬
નમીને દડવત્ ભૂમે, સત્યને ત્યા ફરી ફરી;
વદે વ્હાલ ધરી હૈયે, મહા કલ્પાન્ત કરી કરી. ૨૭
સદ્વૃત્તિ શેઠની જાણી, સત્યદેવે ખુશી થઇ,
વાણી વ્યોમ થકી પ્રેમે, આ પ્રકારવડે કહી. ૨૮
કલાવતિ સુતા ત્હારી, પતિ જોવા પ્રસાદને;
તજીને અહિયાં આવી, વધાર્યો વિખવાદને. ૨૯
જમાઈ તે થકી ત્હારો, થયો અદ્રષ્ટ શેઠજી;

પુત્રિ પ્રસાદ જે ખાશે, તો લહે પતિને હજી. ૩૦
નિઃસશય શુણી હાવી, વાણી ગગનમાં થતી;
પ્રસાદ જમવા પ્રેમે, ઘેર ચાલી કલાવતી ૩૧
પ્રસાદી ખઇને દોડી, પિતા પાસ સુતા પળી,
તે તકે નિરખ્યો સ્વામી, ભાળે પુત્રી વળી વળી. ૩૨
બોલી પછી પિતા પ્રત્યે, ઘેર ચાલો હવે સઉ,
વાર કેમ કરો છો આ, શીદ ખોટી વૃથા થવું. ૩૩
શુણી વાત સુતા કેરી, શેઠ સંતોષ પામિયો;
સત્ય વૃત્ત કર્યું પુઠે, વિઘ્નના વૃંદ વામિયો ૩૪
ધન બધૂવણી સાથે, સ્વ સ્થાને શાહ સંચર્યો,
સંક્રાંતિ પુર્ણિમાએ ત્યા, વૃત્તનો નીમ આદર્યો. ૩૫
કર્યું એવી રિતે તેથી, આ લોકે સુખ પામિને;
સત્યલોકે ગયો અંતે, વાસનાથી વિરામિને. ૩૬

इतिश्री सत्यनारायण कथायां चतुर्थोऽध्यायः ॥ ४ ॥

છંદ વસંતતિલકા.

કે' સૂત પ્રેમ ધરિને મુનિ સત્તમોને,
સાક્ષાત વાત પછિની કહુ હું તમોને;
તુંગધ્વજ નૃપતિ એક હતો ધરામાં,
વાસે વસત નિત તેનિ વસુંધરામાં. ૧
પાળે પ્રજા પુરણ પ્રેમથિ પુત્ર જેવી,
ઘો લક્ષ ત્હેનિ સ્થિતિ આગળ આવિ કેવી;
તે ભૂપતી વિચરિયો મૃગયા વિનોદે,

માર્યા ઘણાક વિભુએ મૃગ આવિ મોદે. ૨
વિશ્રાન્તિ કાજ વટ પાસ પછી ગયો તે,
બેઠો સવૃત્ત નિરખ્યાં ત્યહાં ગોપ પોતે;
તોયે ન કાઇ ઉચર્યો છકનો ભરેલો,
પાયે પડ્યો ન અભિમાનથિ ઊભરેલો. ૩
નિવૃત્ત વૃત્તથિ થઇ લઇને પ્રસાદી,
આવ્યા સુગોપ જ્યહા ગોપ હતો પ્રમાદી;
મૂકી પ્રસાદ નૃપ પાસ પ્રણામ કીધો,
તુંગધ્વજે તદપિ ત્યાંથિ ન લેશ લીધો. ૪
તેથી થયા શત સુતો ઝટ નાશ એના,
લૂટાયુ રાજ્ય નૃપ અન્ન જરા લહે ના;
સૂઝયુ પછીથિ નૃપને થયુ સત્ય ક્રોધે,
ત્યા જાઇ પૂજન કર્યું બુધના સુબોધે. ૫
ગો પાળ સાથ કરિ વૃત્ત જમ્યો પ્રસાદ,
જામ્યો પછી પુનઃ શ્રી પ્રભુનો પ્રસાદ;
વામ્યો હતો સુત, વસુ, પણ તેહ પામ્યો,
નામ્યો પ્રભૂચરણમા વળતી વિરામ્યો. ૬
આ લોકમાહિ શુભ ભોગવિ ભોગ ઝાઝા,
સ્વર્ગે ગયો તનુ પડ્યા પછિ શ્રેષ્ઠ રાજા;
આ સત્યવૃત્ત તન તાપ તમામ કાપે,
શ્રોતા તથા કથકને ફળ તર્ત્ત આપે. ૭
દે ધાન્ય, માન્ય, ધન, ને તન, સત્યદેવ,
છૂટે સમસ્ત ભવપાશ કર્યાથિ સેવ;
પૂરી કરે સરવની મનકામનાને,
ફેલાવિ દે ફળ સહીત સુ નામનાને. ૮

આપે વિશેષ ફળ આ કળિમાં બધાને,
કૈં સત્યદેવ કઇ સત્ય ધણીથિ માને;
નાનાપ્રકાર ધરિ નામ રહે તથાપી,
દે ભક્તને જરૂર વાચ્છિત વાત આપી. ૯

છંદ ઉપજાતિ.

સત્ય કૃપાથી સહુ પાપ જાશે, સનાતન વૃત્ત ભુમાં ગણાશે;
એવું કહ્યું શૌનક જાણિ આપ્ત, સુતે કથા કીધિ પછી સમાપ્ત. ૧૦
ભાષા વિષે મેં કહિ તેહ સારૂ, માગૂછુ હુ દોષ પડ્યાનિ માફ;
પૂરી દયા શંકર કેરિ આ થૈ, તેથી દયાશંકરથી કથા થૈ ૧૧

इति श्री सत्यनारायणकथायां पंचमोऽध्यायः ॥ ५ ॥

આ સત્યનારાયણની કથાને છંદોબદ્ધ કરાવનારા

ગામ રણું તાલુકે પાદરાના મ્હારા માસા

શિવરામ કાશીરામ ભટ્ટ વિષે.

છંદ હરિગીત.

સહૃદય શિરોમણિ વિપ્રસત્તમ વાસિ શુભ રણું ગામના,
શિવરામ અનુપમ નામ જેહ સુપુત્ર કાશીરામના;
પરિપૂર્ણ પ્રેમથિ તેમણે સંતોષિ મુજને સર્વથા,
આ સત્યનારાયણતણી વળતી રચાવિ રૂડી કથા. ૧

૬ ૫ ૯ ૧
શુભ શાસ્ત્ર ભૂત નિધીન્દુના વિક્રમતણા સંવત મહીં,

મધુ માસ દ્વિતિયા શુકલ રવિવારે રણુમાંહે રહી;
પૂરી કથા કરિ છદનાઁ છંદીજનો માટે મથી,
આ યત્ન મ્હારો લેશ પણ અરસીકને સારૂ નથી. ૨
સત્કવિ શિરોમણિ મણિ સમા કવિરાજ રેવાશકરે,
આ શીષપર કર મૂકીને આશીષ દીધી આદરે;
ચાકર ચતુર કવિ ચરણનો ચાહક સુયશ અવદાતનો,
દાખે **દયાશંકર રવિશંકર** તનુજ ખભાતનો. ૩

विद्वद्वृन्दानन्दकरं कविकुलकैरव रात्रिकरम् ।
[illegible] जन हृच्छोकरं वन्देतमहं चन्द्रधरम् ॥

॥ समाप्त ॥

શુદ્ધિપત્ર.

પૃષ્ટ.	પંક્તિ.	અશુદ્ધ.	શુદ્ધ.
૯	૨૪	ધોળો કકડો.	ધોળો ચોખા સારૂ અને રાતો ઘઉં સારૂ. એવા બે કકડા જોઇએ.
૧૩	૮	ज्ञानधनाग्रयायीम् ।	ज्ञानधनाग्रगण्यम् ।